સશિપ/ફેબ્રુ૦૧/૨૫૦

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

# સત્સંગ પ્રાજ્ઞ : દ્વિતીય ખંડ

## પ્રશ્નપત્ર - ૧

**સવારે ૯ થી ૧૨ ]** **રવિવાર, ૧૮ ફેબ્રુઆરી, ૨૦૦૧** **કુલ ગુણ : ૧૦૦**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ના આધારે)**

**પ્ર.૧. (અ) નીચે આપેલાં સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષયમાંથી કોઈપણ ત્રણ વિષે મુદ્દાસર નોંધ લખો.** ૧૮

૧. શ્રદ્ધાવાનને સાધનની સમાપ્તિ વહેલી થાય છે.
૨. મનુષ્યદેહે કરીને ન થાય તેવું શું છે ? - શ્રીહરિના કથનનો મર્મ.
૩. ગોપીઓના દૃષ્ટાંતે પ્રેમનું લક્ષણ.
૪. સ્વદૃષ્ટાંત દ્વારા શ્રી હરિએ કહેલો તપનો ઈશક.
૫. કાગદી લીંબુ ચૂસ્યાના દૃષ્ટાંતે શ્રીહરિએ કહેલો સ્વમહિમા - મ.૧૩ના આધારે.

**(બ) નીચેનાં વાક્યોની પૂર્તિ કરો અને તેના વચનામૃતનો ક્રમાંક ટાંકો.** ૧૫

૧. અને એવી રીતે આત્મસુખે....... પરાજય થતો નથી.
૨. જે ગૃહસ્થ હોય................ હરિભક્તમાં મોટેરો જાણવો.
૩. અને જેને સંગ કર્યાથી........... તત્કાળ ત્યાગ કરવો.
૪. તેમ ઇન્દ્રિયો છે. તેને....... પણ અવગુણ લેવો નહીં.
૫. માટે સત્પુરુષની આજ્ઞા પ્રમાણે........ તે જ આત્મસત્તારૂપે વર્તે છે.

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર અભ્યાક્રમના વચનામૃતના આધારે ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** ૪

(૧) પંચવિષયનું ખંડન (૨) ભગવાનની પ્રસન્નતા

**('સ્વામીની વાતો'ના આધારે)**

**પ્ર.૨. (અ) નીચેના દરેક પ્રશ્નના એક એક વાક્યમાં જવાબ આપો.** ૬

૧. કોની દૃષ્ટિમાં પ્રકૃતિનું કાર્ય કાંઈ આવતું નથી ?
૨. કોના દર્શને સમાધિ જેવું સુખ વર્તે ?
૩. કોના ઉપર મહારાજ રાજી રાજી ને રાજી છે ?





૪. અધર્મસર્ગ પ્રવેશ કરે ત્યારે શું થાય ?
૫. મોટા સાધુના અવગુણ લેનારની શી દશા થઈ છે ?
૬. ગમે તેવો અંતર્દૃષ્ટિવાળો હોય તેવી વૃત્તિને પણ કોણ ફગાવી દે છે ?

**(બ) નીચેનાં વાક્યોમાં કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને પૂર્તિ કરો.** ૭

૧. આજ તો ............... અક્ષરધામમાં જવાય છે તેવું સુગમ કરી નાખું ?
(પહેલે ડચકે, ત્રીજે ડચકે, બીજે ડચકે)
૨. હું અનિર્દેશથી આવ્યો છું કહેતાં હું અક્ષરધામથી પુરુષોત્તમ આવ્યો છું ને હું .................. છું. (સર્વોપરિ, સુગાળવો, નિર્દોષ)
૩. એટલું જ સમજવાનું છે કે મહારાજને ............... જાણવા.
(સર્વોપરિ, પુરુષોત્તમ, ભગવાન)
૪. મોટા સાધુને વિષે નાસ્તિકપણું આવવા ન દેવું તે ................ કરીને સમાગમ કર્યો કહેવાય. (મને, કર્મે, વચને)
૫. જે ................. પાસે આવે છે તે ને તો કોઈ વાતની કસર રહે જ નહીં.
(સાધુ, મુક્તો, ગુણાતીત)
૬. ગુરુ કર્યા હોય તો તેના ................ આવવા જોઈએ.
(આશીર્વાદ, ગુણ, ફાયદા)
૭. જ્યાં સુધી ................ માં જીવ બંધાણો નથી ત્યાં સુધી લોક, ભોગ ને દેહ તે રૂપ થઈ જવાય છે.
(સત્પુરુષ, સત્સંગ, ભગવાન)

**(ક) અભ્યાસક્રમની સ્વામીની વાતોના આધારે નીચેનામાંથી કોઈપણ એક વિષે વિસ્તૃત નોંધ લખો.** ૧૦

૧. ખીજડા જેવા અને આંબા જેવા ભક્ત
૨. સ્વામીએ કહેલું સ્વરૂપનું દર્શન ૩. વાતો કરવી : શ્રેષ્ઠ સાધના

**('ભગવાન સ્વામિનારાયણ ભાગ - ૧ તથા ભાગ - ૨' નવી આવૃત્તિને આધારે)**

**પ્ર.૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** ૨૦

૧. બાલ્યકાળથી શ્રીહરિ વૈરાગ્ય અને તપનો આદર્શ
૨. સ્ત્રીપુરુષ મર્યાદાના સદાગ્રહી વર્ણીરાજ
૩. વર્ણીરાજનો સત્તાધીશો ઉપરનો પ્રભાવ

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર મુદ્દાસર નોંધ લખો** ૨૦

૧. લાલજી બન્યા નિષ્કુળાનંદ
૨. જેતપુરમાં શ્રીહરિનો પટ્ટાભિષેક
૩. 'ભ્રમણા ભાંગી રે હૈયાની !' - મુક્તાનંદ સ્વામીની સ્વાનુભૂતિ
૪. રઘુનાથદાસને વિમુખ કર્યા

❀ ❀ ❀